

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

99789-26251

### સલામી સવારની..

*એન્કૌંટર બૂરખે ખૂનોની 'વણજાર' છળી ગઈ!*
*મરજી મુજબ ગુન્હાઓની આફત ટળી ગઈ!*
*ગળી ગઈ ગરોળી સત્તાની, ન્યાયને ગૂપચૂપ -*
*માગ્યા મુજબ બધાને ક્લીનચીટ મળી ગઈ!*
*('ક્લીનચીટ' લઉં બે-ચાર?!)*

**હાઈકુ**

*ધૂણશે પાપો!*
*જાગશે સોહરાબ -*
*કબરમાંથી!*

*દેર છે પણ -*
*ચિત્રગુપ્ત ચોપડે*
*અંધેર નથી...*

### ચિંતન

*આત્માવભાસયત્યેકો, બુદ્ધ્યાદીનીન્દ્રિયાણિ ચ ।*
*દીપો ઘટાદિવત્સ્વાત્મા, જડૈસ્તૈનરવૈભાસ્યતે ॥*

**ઉપરોક્ત શ્લોક આત્મબોધમાંથી લેવાયેલ છે.**

**બુદ્ધિ વગેરે અને ઈન્દ્રિયોને એક આત્મા પ્રકાશિત કરે છે, પણ સ્વાત્મા તે જડો વડે પ્રકાશિત થતો નથી, જેમ દીવો ઘટાદિને પ્રકાશે છે, પણ તે ઘટાદિ પદાર્થો દિવાને પ્રકાશિત કરતા નથી તેમ.**

**આત્મા અને શરીરમાં રહેલી અનેક શક્તિઓ બંને અલગ બાબત છે બળ બુદ્ધિ વિચાર-શક્તિ - સહન શક્તિ - યાદ શક્તિ વગેરે શરીરમાં રહેલી 'આત્મા' દ્વારા પ્રકાશિત એવી આ શક્તિ છે પણ આ બધી શક્તિઓ આત્માને પુષ્ટ કરતી નથી એને માટે તો 'પ્રભુસેવા' જ જરૂરી બને જે સત્સંગ - સ્વાધ્યાયથી જ મળે છે.**

### સુવિચાર

- જયારે પુરુષો અને સ્ત્રીઓ પરસ્પરના મતભેદને સ્વીકારવા અને સન્માનવા શક્તિમાન થાય છે, ત્યારે પ્રેમને ખીલવાની તક મળે છે - **જહોન ગ્રે**
- જેવા આપણે પોતા વિશેના ભયમાંથી મુક્ત થઈએ છીએ, આપણી હાજરી આપોઆપ બીજાને પણ મુક્ત કરે છે - **મેરિયાના જોસેફ**
- એકબીજા પર હાવી ન થાય. કોઈ પણ છાપામાં વિકસી ન શકે - **ઈશિતા**
- દરેક વ્યક્તિના હૃદયમાં લડવા માટે સાહસ અને બચાવવા માટે સૌંદર્યની તીવ્ર ઈચ્છા હોય છે - **જહોન એલ્ડ્રિજ**
- આવતીકાલ સુધારવાનો એક માત્ર ઉપાય આજે તમે ખોટું કર્યું છે તે જાણવાનો છે - **રોબિન શર્મા**
- સારો નેતા એ છે કે જે જરૂર કરતાં વધારે અપયશ સ્વીકારે છે અને યશ બીજાને આપે છે - **બેન્જામીન ફ્રેંકલીન**
- આજનું ઔષધ : ત્રણ ચમલી કારેલાનો તાજો જ્યુસમાં એક ગ્લાસ છાસ ઉમેરીને નરણે કોઠે પીવાથી ડેમેજ લીવર સાજુ થાય છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ઈંગ્લેન્ડના સાહિત્યકાર, વિવેચક અને ચિત્રકાર એવા જહોન રસ્કિને પોતાને વારસામાં મળેલો મિલ્કતનો મોટો હિસ્સો વેચી અને એ વખતે ૧૮૬૦માં જે લાખો પાઉન્ડ આપ્યા તેને ગરીબોના બાળકોને ભણવા માટે અને જરૂરિયાતમંદ પરિવારોને દાનમાં આપી દીધો હતો. તેમણે 'અન ટુ ધી લાસ્ટ' નામનું પુસ્તક પણ લખ્યું હતું. જેનો ભાવાનુવાદ ગાંધીજીએ 'સર્વોદય' નામે કર્યો હતો. એકવાર તેઓ તેમના ખાસ મિત્ર સાથે લંડનના છેડે આવેલ ઝુંપડપટ્ટીમાંથી ચાલતા પ્રસાર થઈ રહ્યા હતા. રસ્તાની બંને બાજુ ગરીબોનાં ઝૂંપડા તેમજ કાચા મકાનો હતા, રસ્તા પર વરસાદ પડ્યો હોવાથી કાદવ હતો. દુર્ગંધ પણ સાથે આવતી હતી. જહોનનો મિત્ર સ્ટુઅર્ટ મોં ઉપર રૂમાલ દાબીને જહોનને કહી રહ્યો હતો. 'આ કાદવ-કીચડ તો જોયો. આ દુર્ગંધ સહન નથી થતી. ચાલો હવે આપણે પાછા ફરીએ.' ત્યારે જહોન તો નિરાંતે મસ્તી સાથે રસ્તા પર ચાલી રહ્યો હતો. સ્ટુઅર્ટે કહ્યું, 'બીજા સારા રસ્તા પર જઈએ અહિંયા કાદવમાં મજા નથી.' જહોને જવાબમાં કહ્યું, 'અરે દોસ્ત, આનાથી વધુ સારો બીજો રસ્તો કયો હશે, તમારે માની લેવું કે આપણે હીરા મોતી પથરાયા હોય એવા રસ્તા પર ચાલી રહ્યા છીએ.' સ્ટુઅર્ટે કહ્યું, 'કાં તો તું પાગલ થયો છે અથવા તું મારી મજાક કરે છે.' અહીં તો ગંદકી અને કાદવ છે.' જહોન રસ્કીને કહ્યું, 'આ ગંદકી નથી.' દુનિયાની કોઈ ચીજને નાચીજ માનવાની જરૂર નથી. જેને આપણે તુચ્છ અને બેડોળ કે નાચીજ માનીએ છીએ તે જ ઘણીવાર ઉપયોગી પુરવાર થાય છે. માત્ર આપણે એને સ્વીકારવાનું અને લઈને આગળ વધવાનું સાહસ હોવું જોઈએ.' જહોને વાત પૂરી કરતાં કહ્યું, 'આજ ઝૂંપડપટ્ટીમાંથી કોઈ ઉત્તમ લેખક, ચિત્રકાર કે એકટર કે કવિ કે નેતા દેશને મળી શકે છે.' સ્ટુઅર્ટને જહોન રસ્કિનની વાત સમજાય છે.

# દેશમાં કોમન યુનિફોર્મ સિવિલ કોડ જરૂરી

**તંત્રીસ્થાનેથી...**

સુસંસ્કૃત અને સુવિકસિત, સિવિલાઈઝ્ડ સોસાયટીમાં યુનિફોર્મ સિવિલ કોડ હોય તે ઘણી આવકારવાલાયક બાબત ગણાય. ભારત અનેક ધર્મ-સંપ્રદાયો અને જાતિ-સમુદાયો ધરાવતો લોકસમૂહ છે. પંડિત જવાહરલાલ નહેરુ જેવા દૂરંદેશી ધરાવતા રાષ્ટ્રનાયક અંતઃકરણથી તો ઓમ જ માનતા હોય કે કાયદાની નજરમાં કોઈ ધર્મ-સંપ્રદાય કે જ્ઞાતિ સમુદાયો વચ્ચે ભેદભાવ ન હોવો જોઈએ. પરંતુ બંધારણસભાના ઘડવૈયા મહાનુભાવોએ પોતપોતાના એ જમાનાના ખ્યાલો અને ગૃહિતો બળજબરપૂર્વક સામેલ કરવાવીને એક તબક્કે ડ્રાફિંટગ કમિટીના ચેરમેન ડૉ. બાબા સાહેબ આંબેડકરને પણ પોતાની મજબૂરી વ્યક્ત કરવા પ્રેર્યા હતા. એમણે કહ્યું હતું કે હું તો માત્ર 'લહિયો' છું. બંધારણમાં સૌને પોતાપોતાના રીત રિવાજ અને પરંપરા મુજબ જીવવાનો મૂળભૂળ અધિકાર આપીને યુનિફોર્મ સિવિલ કોડ જેવા ઉદાત્ત અને સર્વગ્રાહી વિચારને ઊગતો જ ડામી દેવાયો હશે. આઝાદીના સાત દાયકા પછી હવે આ બધા વિપાયાર્ સાા રાજકારણીઓ માટે પોતપોતાના રોટલા શેકવાના મુદ્દા બની રહ્યા છે. મુસ્લિમ મહિલાઓ માટે ત્રાસદાયક એવી ત્રિપક તલાક વ્યવસ્થાનો કોઈ પણ પ્રબુદ્ધ સમાજ સ્વીકાર કે પુરસ્કાર કરી જ ન શકે. પંડિત નહેરુ અને ઈંદિરા ગાંધીએ કરવા જેવો સુધારો મોરારજી કે વાજપેયીના નેતૃત્વવાળી સરકારો પણ ન કરી શકી તે નરેન્દ્ર મોદી માટે એક સોનેરી તક બની રહ્યો છે.

વિપક્ષો આ સુધારો ન થાય તેવી બદદાનત સાથે એનો સિલેકટ કમિટીને સોંપવા માગતા હતા જેની સામે નમતું જોખ્યા વિના કેન્દ્ર સરકારે લોકસભામાં એ ખરડો પસાર કરી દઈ એક કરવા જેવું કામ જ કર્યું ગણાશે. કોંગ્રે, સમાજવાદી પાર્ટી કે કહેવાતા સંગઠિત વિપક્ષના નેતાઓ મુસ્લિમોને રાજી રાખવા આ ખરડાનો વિરોધ કરી વૉક આઉટ કરી ગયા છે. તે એમની નામોશી ગણાશે. પ્રજા આ મુદ્દે શાસક એનડીએના અભિગમનું જ સમર્થન કરશે. કાયદા મંત્રી રવિશંકર પ્રસાદે ભારતીય જનતા પાર્ટી યુનિફોર્મ સિવિલ કોડ લાવવા કૃતસંકલ્પ હોવાનું નિવેદન કર્યું છે. આવી બાબતો સર્વાનુમતે રાજકીય હેતુઓથી વેગળા રહીને હાથ ધરવાની જરૂર છે. ખાટલે ખોડ છે તે એ કે વર્તમાન ભારતીય રાજકારણનો કોઈ પણ રાજકીય પક્ષ કે મોદીથી લઈ રાહુલ ગાંધી સુધીનો કોઈ પણ રાજકીય નેતા માત્ર ને માત્ર ચૂંટણીલક્ષી લાભાલાભની સ્વાર્થી ગણતરીઓમાં જ રાચે છે. મુસ્લિમ વોટબેંકને જતી કરવાથી વિરાટ હિંદુ વોટબેંક મજબૂત બનતી હોય તો મોદી સરકાર આવા અવનવા સુધારા લાવવામાં જરા પણ વિલંબ નહીં કરે. વિકાસ સહિત તમામ મુદ્દાઓમાં નામોશીભરી નિષ્ફળતાને વરેલી શાસક પાર્ટી માટે હવે આ પ્રકારનાં કેસરિયાં કરવાનો જ છેલ્લો વિકલ્પ બચેલો છે.

## ...અગર કીસી ચીઝ કો દિલ સે ચાહો, તો પૂરી કાયનાત ઉસે તુમ સે મિલાને કી કોશિશ મે લગ જાતી હૈ...



**ડાયલોગથી દેવભાષા**

**ડો. જય ઓઝા**

**કહતે હૈ અગર કીસી ચીઝ કો દિલ સે ચાહો, તો પૂરી કાયનાત ઉસે તુમ સે મિલાને કી કોશિશ મે લગ જાતી હૈ...**

**- ઓમ શાંતિ ઓમ**

ઈ.સ. ૨૦૦૭માં આવેલી ફરાહ ખાન દિગ્દર્શિત અને શાહરુખખાન અભિનિત આ ફિલ્મને આપણે બધાએ ખૂબ વખાણી હતી... તેમાં પણ મયુર પુરીના સંવાદોએ તો આપણા બધાના મન મોહી લીધા હતા... શાહરુખખાન દ્વારા બોલાતો આ ડાયલૉગ તો આજે પણ આપણા મોઢે રમે છે.

આપણે જો કોઈ પણ વસ્તુ / ધ્યેય / લક્ષ્ય મેળવવા તરફ એકધારી લગન લગાવતા રહીએ તો ચોક્કસ આપણને તેમા સફળતા મળે જ છે... એકધારો પ્રયત્ન તો પથ્થરમાં પણ પાણીથી કાણું પાડી શકે છે... મનુષ્ય યત્ન હંમેશા સાતત્યપૂર્ણ વણથાક્યો બની રહે તો અવશ્ય નસીબે પણ સાથ આપવો જ રહ્યો...

યોગવસિષ્ઠ ગ્રંથના છ પ્રકરણમાંથી નિર્વાણ પ્રકરણનાં ઉત્તરાર્ધમાં આ જ પ્રકારનો એક શ્લોક મળી આવે છે.

*યો યમર્થં પ્રાર્થયતે તદર્થં યતતે તથા ।*
*સોડવશ્યં તમવાપ્નો તિ ન ચેચ્છાન્તો નિવર્તતે ॥*

- જે વ્યક્તિ જે વસ્તુને ચાહે છે, તેના માટે પ્રયત્ન કરે છે, અને જો થાકીને અધવચ્ચે જ પોતાનો વિચાર બદલી નથી દેતો, તો અવશ્યપણે તે વ્યક્તિ તે વસ્તુને પ્રાપ્ત કરી લે છે.

સંસ્કૃત સાહિત્યમાં અદ્વૈત વેદાન્તનો અતિ મહત્ત્વનો કોઈ ગ્રંથ હોય તો 'યોગવશિષ્ઠ' ગ્રંથ છે. ભગવાન વાલ્મિકી આ ગ્રંથનાં રચયિતા મનાય છે.

અગાઉ કહ્યું તેમ વૈરાગ્ય પ્રકરણ, મુમુક્ષુ વ્યવહાર પ્રકરણ, ઉત્પત્તિ પ્રકરણ, ઉપશમ પ્રકરણ, સ્થિતિ પ્રકરણ અને નિર્વાણ પ્રકરણ (પૂર્વાર્ધ - ૧૨૮ સર્ગ તથા ઉત્તરાર્ધ - ૨૧૬ સર્ગ)માં વિભાજિત 'યોગ વસિષ્ઠ' ગ્રંથમાં કુલ ૪૫૮ સર્ગ અને લગભગ ૩૨,૦૦૦ જેટલા શ્લોક છે.

ઉપરોકત શ્લોકમાં પણ કોઈ પણ લક્ષ્યની પ્રાપ્તિ માટે આપણી તન્મયતા કેટલી અગત્યની છે, તે જ દર્શાવવાનો પ્રયત્ન થયો છે. મયુર પૂરી અને વાલ્મિકી ઋષિ સર્જકોને અથવા લેખકોને સમયનો કોઈ બાંધ નડતો નથી... ખરુ ને !

*- jayuoza@gmail.com,*
*Mo. 9898046488*

## વાર્તાયન પર્વનો ૧૨મો મણકો યોજાયો



**સાહિત્ય વૃત્ત**

**મૂળજીભાઈ પરમાર 'દધિ'**

**વૃત્તસંચય**

**● ગુજરાતી ભાષામાં નવા વાર્તાકારોને સારી વાર્તાઓ લખવા માટે પ્રેરિત કરવાના શુભાશયથી, મધુરાય સંપાદિત વાર્તામાસિક 'મમતા' અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે, 'વાર્તાયન પર્વ' ના ૧૨મા મણકાનો સાહરિત્યિક વાર્તાવાંચન કાર્યક્રમ શિયાળાની ખુશનુમા ઠંડીના મનોરમ્ય વાતાવરણમાં, પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ, સેકટર-૭, ગાંધીનગર ખાતે યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં 'મમતા' વાર્તા માસિક ન સંપાદક મધુરાય અને 'વાર્તાયન' ના સંયોજક ડો. કનૈયાલાલ ભટ્ટે પોતાની વાર્તાઓનું પઠન કર્યું હતું જયારે મૂર્ધન્ય વાર્તાઓનું પઠન અને નવલકથાકાર ડો. કેશુભાઈ દેસાઈએ આ રજૂ થયેલ વાર્તાઓ અંગે વાર્તાના સ્વરુપ અને તે અંગેની સમીક્ષાની તલસ્પર્શી ચર્ચા કરી હતી. આ પર્વમાં અમેરિકન લેખક ફ્રેન્ક આર. સ્ટોકટના લિખિત અને રેમંડ આર. પરમાર અનુવાદિત વિશ્વવિખ્યાત ટૂંકી વાર્તા 'કાં સુંદરી કાં વાઘ'** 'The Lady or Tiger' **નું પઠન પ્રા. ડો. ઊર્વી અમીને કર્યું હતું.**

*- muljibhaidadhi@gmail.com*

# ગુરુ દત્તાત્રેય : કાકાસાહેબ કાલેલકર



**ક્ષણના ચણીબોર**

**વી. એસ. ગઢવી**

'સવાઈ ગુજરાતી' કાકાસાહેબ માટે કિશોરલાલ મશરૂવાળાએ લખ્યું છે તે કાન માંડીને સાંભળવા જેવું છે. તેઓ લખે છે :

'' કાકાસાહેબે તથા મેં જન્મભર ધંધો તો એકજ કર્યો છે. ભણવાનો, લખવાનો તેમજ બોલવાનો. જો કે એમનું (કાકાસાહેબનું) કારખાનું વધારે મોટું અને માલ વધારે સુંદર એટલો ફરક. '' કાકાસાહેબના નિરંતર અધ્યયન કાર્ય પર ઓછા શબ્દોમાં મશરૂવાળાએ ઘણું કહ્યું છે. ''સ્વાધ્યાય, પ્રવચનાભ્યાં મા પ્રમદિતવ્યમ્'' વાળો ઉપનિષદનો શ્લોક કાકાસાહેબે જીવીને જાળવ્યો હતો. કાકાસાહેબના જીવનના બહુમૂલ્ય પાસાઓનું અનેક રીતે દર્શન થઇ શકે છે. આજે શિક્ષણની ગુણવત્તાનો વિકરાળ પ્રશ્ન આપણે અનુભવી રહ્યા છીએ. અકળાવનારી સ્થિતિ હોય તેમ પણ ક્યારેક લાગણી થાય. આવા સમયે કાકાસાહેબ જેવા આજીવન અધ્યાપકની વાત આપણાં અધ્યાપકો અને વિદ્યાર્થીઓને પણ અધ્યયન કાર્યની પ્રેરણા તેમજ પ્રોત્સાહન પૂરા પાડી શકે તેવા છે. કોલેજો કે યુનિવર્સિટીઓના મકાનો સારા બંધાય તે જરૂર ઈચ્છનીય છે. અધ્યાપકોની સવલતો તથા તેમનો આદર થાય તે પણ આવશ્યક છે. પરંતુ અધ્યાપકીય કાર્યની ગુણવત્તા સિવાય આવી તમામ બાહ્ય સવલતો એકડા વગરના મીંડા જેવી પુરવાર થવાની શક્યતા સામેજ દેખાય છે. કાકાસાહેબની સુગંધી સ્મૃતિને ડીસેમ્બરના તેમના જન્મજયંતિના માસમાં પુનઃ યાદી કરીને શૈક્ષણિક કાર્યમાં ગુણવત્તા તરફ પગલું ભરવાનો સમય છે. (કાકાસાહેબ : ૦૧/૧૨/૧૮૫૫ થી ૨૧/૦૮/૧૯૮૧)


સ્મરણમાં સંગ્રહાયેલી સ્મૃતિઓને શબ્દસ્થ કરતાં કાકાસાહેબે વિશ્વમાં સઘળે સૌંદર્ય જોયું. તેનું આકંઠ પાન તેમણે કર્યું. પહાડો – જંગલો અને નદીઓના જીવંત વર્ણન કાકાસાહેબની કલમમાંથી ગંગાના પ્રવાહની જેમ પ્રગટ્યા અને સાહિત્યકરસીકોમાં વિસ્તરી ગયા. વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદીએ કાકાસાહેબ માટે 'રખડું મનીષિ' (હીઙ્ગઙ્ગીર્ષ્ટૈટ્ટઙ્ગ ફટ્ટપ્તટ્ટ હ્વટ્ટહઙ્ગ) શબ્દ પ્રયોજ્યો છે તે થોડામાં ઘણું કહી જાય છે. દુનિયા કાકાસાહેબના ગદ્યને કદી વિસરી નહિ શકે. આપણાં જગતના આ 'ગુરુ દત્તાત્રેય' પોતાના સર્જનો થકી હમેશા જીવંત રહેવાના છે.

૧૯૩૦ માં દાંડીકૂચ કરીને ગાંધીજીએ બ્રિટીશ સામ્રાજયના પાયામાં લૂણો લગાડવાનું ઐતિહાસિક કામ કર્યું તે ઘટના ખૂબ જાણીતી છે. દાંડીકૂચ દરમિયાન ગાંધીજીની ઘરપકડ થશે તેવી વ્યાપક માન્યતા હતી. સરકારે સરદાર સાહેબની ઘરપકડ કરી પરંતુ બાપુની ઘરપકડ કૂચ પૂરી થયા બાદ ઘણાં દિવસો પછી કરી. ઘરપકડ કર્યા બાદ ગાંધીજીને યરવડા (મહારાષ્ટ્ર) જેલમાં લઈ જવાબમાં આવ્યા. આ વખતે ગાંધીજીના જેલવાસ દરમિયાન તેમની સાથે રાખવા માટે સરકારે કાકાસાહેબ કાલેલકરની પસંદગી કરી. કાકા સાહેબ તે સમયે સાબરમતી જેલમાં હતાં. તેમને ત્યાંથી ખસેડીને યરવડા લઈ જવામાં આવ્યાં. યરવડા જેલમાં બાપુની પાસે જયારે કાકા સાહેબને લઈ જવામાં આવ્યા ત્યારે બાપુને જોતા જ કાકા સાહેબ હર્ષથી ભાવુક થયા પરંતુ પ્રયત્નપૂર્વક પોતાની જાતને સંભાળી લીધી. તેમનું યરવડાનું જેલ જીવન બાપુની હાજરીથી પ્રસન્નતાથી ચાલવા લાગ્યું. એવામાં એક દિવસ બાપુએ કાકાને આશ્ચર્ય તથા આઘાત બન્નેની અનુભૂતિ કરાવી (ગાંધીજી કાકા સાહેબને કાકા કહેતા. પત્રોમાં પણ ચિ.કાકા લખતા) ગાંધીજીએ કાકાસાહેબને કહ્યું કે તેમણે (ગાંધીજીએ) જેલનાપોતાના દિવસભરના કામોનો હિસાબ કર્યો છે. પછી કાકા સાહેબને કહે કે તેમની પાસે ત્રિસેક મીનીટનો સમય બચે છે. કાકા સાહેબને હાથે લખવાની ટેવ ઓછી એટલે તેઓ જુગતરામભાઈ કે સ્વામી આનંદ પાસે તેમના લખાણો લખાવતા તે ગાંધીજી જાણતા હતા. આથી ગાંધીજી કહે કે આ બચે છે તે મારા અડધા કલાકનો સમય તમને આપું ! તમે લખાવોને હું લખું ! કાકા સાહેબ લખે છે કે ગાંધીજીની આ ઉદાર ઓફર સાંભળીને તેઓ ભાવ-વિભોર થયા. માંડ માંડ શબ્દો એકઠા કરીને તેમણે આ યુગપુરુષને કહયું કે, '' ભગવાને મને બહુ બુધ્ધિ આપી નથી તે ખરૂં પરંતુ હું એટલો બાઘો પણ નથી કે તમને લખાવવા તૈયાર થઈ જાઉં. '' દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકરનું પાવન સ્મરણ ડીસેમ્બરની આ શિતલહરમાં પણ ઉષ્મા પ્રસરાવી જાય છે. કાકાસાહેબ ગાંધીયુગની આકાશગંગાના એક તેજસ્વી સીતારા હતા. અનેક ક્ષેત્રોમાં તેમના આગવા પ્રદાનને કારણે કાકાસાહેબ હમેશા જીવંત તથા ધબકતા રહેશે.

કાકાસાહેબ સ્વરાજ્ય પછી પણ પોતાનું યોગદાન આપવામાં સક્રિય રહ્યાં. રાજયસભામાં નિમાયેલા સભ્ય તરીકે તેમણે દેશની સંસદીય બાબતોમાં સક્રિય યોગદાન આપ્યું. કાકાસાહેબના વ્યક્તિત્વમાં વિનોદવૃત્તિ સહજ હતી. જીવનના છેલ્લા વર્ષોમાં જ્યારે તેમની સ્મરણશક્તિ નબળી પડી ગઈ ત્યારે તે બાબતમાં વિનોદ કરતા કહેતા હતા કે '' વિસ્મરણ દ્વારા હું મરણનું રીહર્સલ કરી રહ્યો છું. '' પંડિત સુખલાલજીએ લખ્યું છે તેમ કાકાસાહેબ કવિ છે, કળાકાર છે, કર્મશિલ્પી છે, નિર્માણ સ્થાપતિ અને વિવેચક છે. કાકાસાહેબના લખાણોમાં લોકશિક્ષકની શૈલી જોવા મળે છે. કાકાસાહેબે જીવનભર અધ્યાપક કાર્ય કરેલું છે. ગાંધીજીના નવરત્નો પૈકી કાકાસાહેબ એક હતા.

કાકાસાહેબના અનેક કાર્યોમાં તેમનું ગુજરાતી જોડણીકોશ અંગેનું કામ સદાકાળ યાદ રહે તેવું ઉપયોગી તથા અમર છે. આ જોડણીકોશના પ્રારંભેજ શુધ્ધ ભાષાના આગ્રહી એવા બાપુએ યાદગાર શબ્દો લખ્યાં : '' હવે પછી કોઈને સ્વેચ્છાએ જોડણી કરવાનો અધિકાર નથી '' ગાંધીજીએ આ બાબતમાં ઊંડી ચિંતા તેમના યરવડા જેલ નિવાસ દરમિયાન કરી હતી. એક લોકસુલભ જોડણીકોશ તૈયાર થાય તેવા બાપુના આદેશને કાકાસાહેબે ઝીલી લીધો. કાકાસાહેબ ઉપરાંત સર્વ શ્રી રામનારાયણ પાઠક, છોટાલાલ પુરાણી તેમજ નરહરિ પરીખ જેવા વિદ્વાનોનો લાભ પણ આવું ગંજાવર કામ પૂરું કરવામાં મળ્યો હતો. કાકાસાહેબનું સમગ્ર જીવન એક પ્રેરણાસ્ત્રોત સમાન છે. એક સદાકાળ જાગૃત તથા અભ્યાસુ અધ્યાપક તથા સર્જક તરીકે કાકાસાહેબનું સ્થાન વિશાળ જનસમુહના દિલમાં કાયમ થયેલું છે. જન્મે મહારાષ્ટ્રીયન એવા આ મહાન સાક્ષરે ગુજરાતી ભાષા પર જોડણીકોશના કાર્યથી પોતાનું ઋણ ચડાવેલું છે.

# ગાંધીજીની ક્રાંતિની સફળતામાં સરદારનું સ્વેચ્છાપૂર્વકનું વિલિનિકરણ કારણભૂત



**ગાંધી ૧૦૦**

**ડો. રાજેન્દ્ર જાની**

''કોઈપણ દેશની આઝાદીની લડાઈ લડવા સારુ અને તેમાં જીત્યા બાદ એ આઝાદીની માત્ર એકતા જ નહીં પરંતુ આબાદીમાં ફેરવવા સારું કાર્યકર્તાઓની એક મોટી તાલીમ પામેલી ફોજની જરૂર પડે છે. ગાંધીજીની સફળતા પાછળ એક મોટું કારણ એ હતું કે એમને આવી ફોજ તૈયાર કરી શકે તેવા સરદાર મળી ગયા હતા. આઝાદીની લડાઈ અને એના ઘડતર પાછળ સરદારનો ફાળો આજે જેટલો સમજાયો છે એના કરતાં ભવિષ્યમાં વધુ સમજાશે. કારણ કે સરદાર પટેલની કીર્તિ માત્ર સફળતાના નહીં પણ નૈતિકતાના પાયા ઉપર રચાયેલી હતી''.

ઉપરના શબ્દો આ લેખકના નથી પરંતુ જાણીતા ગાંધીજન એવા મુરબ્બી શ્રી નારાયણ મહાદેવ દેસાઈ ના છે.(સંદર્ભઃ ' મને કેમ વીસરે રે', બાલ ગોવિંદ પ્રકાશન, અમદાવાદ, પ્રથમ આવૃતિઃ માર્ચ ૧૯૮૬)

નારાયણભાઈ લખે છે ''દુર્ભાગ્યે સરદારના ગયા પછી એમની સ્મૃતિને ઝાંખી પાડવાના વ્યવસ્થિત પ્રયાસો આપણા દેશમાં થયા હોય એમ લાગે છે, પરંતુ એ કહેવાની ભાગ્યે જ જરૂર ભાગ્યે જ જરૂર છે કે તમોગુણમાં સુતેલા ગુજરાતને આળસ ખંખેરીને બેઠું કરનાર, ગાંધીના સત્યાગ્રહ આંદોલનને નક્કર સંગઠનનો ટેકો પૂરો પાડનાર, વિખરાયેલા અને વિખરાતા ભારતને એકતાને તાંતણે બાંધનાર, વજ્રસી શક્તિ ધરાવતા છતાં અંતરને કુસુમશું કોમળ રાખનાર સરદારની સ્મૃતિને કોઈ ઝાંખી પાડી શકે એમ નથી.

'અગ્નિને ઉધઈ ન લાગે અને મહામણીને મેલ જોને' એ ઉક્તિને સરદારના ચારિત્ર્ય અને આગવી નેતાગીરીએ યથાર્થ બનાવી છે.

**જો સરદારની સમજણના હોત તો રશિયા જેવી રાજકીય સ્થિતિ ભારતની પણ હોત**

આમ તો સરદારની ઓળખ લોખંડી પુરુષ તરીકેની છે પણ નારાયણભાઈ તેમની સરખામણી શ્રીફળ જોડે કરવાનું રોકી શકતા નથી. તેઓ લખે છે સરદાર જો કેવળ લોખંડી પુરુષ હોત તો રશિયામાં જેમ ક્રાંતિ પછી સત્તાની સાઠમારીને લીધે સ્ટાલીને ટ્રોટોસ્કિને વિદેશ તગેડી અને પછી હજારો માઈલ દૂર જઈ કોઈ મારાને હાથે તેમની હત્યા કરાવી એવી રાજનીતિ આપણા દેશમાં પણ ૧૯૪૭ પછી શરૂ થઈ શકી હોત.

સરદાર પટેલ અને પંડિત જવાહરલાલ નેહરુ વચ્ચેના મતભેદો જાણીતા હતા. સરદારને કોંગ્રેસ સંગઠનના મોટા ભાગનો ટેકો હતો. સરદાર રાજકારણમાં નેહરુ કરતા થોડા વર્ષે 'સિનિયર' પણ હતા અને સરદાર કાર્યદક્ષ માણસ હતા. જ્યાં હાથ નાખતા ત્યાં એમને સફળતા જ વરતી. પરંતુ સદભાગ્યે આપણા દેશમાં અહીં રશિયા જેવી રાજરમત ન રમાઈ. અહીં તો વધુ શક્તિશાળી, વધુ અનુભવી બધું કાર્યકુશળ માણસ- વધુ ઊંડા, વધુ ઉદાર અને વધુ સમજુ પણ હતો. (છતાં) તેણે વડાપ્રધાન થવાને બદલે નાયબ વડાપ્રધાન થવાનું સ્વીકાર્યું. અને અનેક મતભેદો છતાં પણ દેશના હિત આગળ પોતાની મહત્વકાંક્ષાને નજીક પણ ન આવવા દીધી. રશિયા અને ભારત બન્ને દેશમાં ક્રાંતિ પછીના સમયકાળમાં આ જ મોટો ભેદ દેખાય છે. રશિયા અને ભારત વચ્ચેના આ અભેદમાં એક વ્યકિતત્વ સરદારનું હતું જ હતું પરંતુ બીજું એક કારણ હતું – 'ગાંધીજીની ક્રાંતિ કરવાની પદ્ધતિનું'. ગાંધીજીની આ કાર્યપધ્ધતિમાં સરદારનું વ્યકિતત્વ વિલિન થઈ ગયું હતુ. ગાંધીની પધ્ધતિમાં વ્યકિતની સર્વ શકિતઓ સ્વેચ્છાપૂર્વક સમષ્ટિ આગળ સ્વેચ્છાપૂર્વક સમર્પિત થતી હતી. આ કારણમાં બીજું કારણ ભળી ગયુ હતું- સરદારનું સાગર જેવું હૈયું. એ જો ના હોત તો ભારતનો રાજકીય ઈતિહાસ જુદો જ લખાયો હોત. કદચ રશિયા જેવો કે એથી પણ વધારે એમ કહીએ તો પણ અસ્થાને નહીં ગણાય.

મરણ થી ૨૨ વર્ષ પૂર્વે બારડોલીના સત્યાગ્રહ વખતે સરદાર પટેલે ગુજરાતની પ્રજાને ઉદ્દેશીને કહ્યું હતું કે તમે ભલે દુબળા હો, કાળજું વાઘ-સિંહનું રાખો, સ્વમાન ખાતર મરવાની તાકાત રાખો હૃદયમાં રાખો, કોઈ તમને અંદરોઅંદર લડાવી ન શકે એટલી સમજણ રાખો. આ ત્રણેય ગુણો સિંહ જેવું કાળજુ, સ્વમાન ખાતર મરી ફીટવાની આત્મશકિત અને મતભેદોથી ઉપર ઊઠવાની સમજણનો ગુણ સરદારે પોતાના જીવનમાં ખીલવ્યો હતો. તેથી જ તેઓ સ્વરાજની લડતના ઘડવૈયા સાથે રાષ્ટ્રીય એકતાના અદ્વિતીય ઘડવૈયા બની શક્યા હતા.

જો આઝાદી પછીના સમયગાળામાં ગાંધીજીની ગેરહાજરીમાં સરદાર ના હોત તો? આ પ્રશ્ન અનેક રીતે ચિંતા અને ચિંતન કરાવનારો હોત તેથી જ તો હરિવંશરાય બચ્ચને સરદાર પટેલને અંજલિ આપતા લખું છેઃ

હરેક પક્ષ કો પટેલ તૌલતા,
હરેક ભેદ્ કો પટેલ ખોલતા
દુરાવ યા છીપાવ સે ઈસે ગરજ?
કઠોર નગ્ન સત્ય બોલતા !
પટેલ હિન્દ કી નીડર જબાન હૈ.

(સંદર્ભઃ ' મને કેમ વીસરે રે', બાલ ગોવિંદ પ્રકાશન, અમદાવાદ, પ્રથમ આવૃતિઃ માર્ચ ૧૯૮૬)